# રાયપુર ગામના પાટીયા પાસેથી વરલી મટકાનો જુગાર રમતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર એલસીબી પોલીસ ટીમના સભ્યો ડભોડા પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન રાયપુર ગામના પાટીયા પાસે વરલી મટકાનો જુગાર રમતા બે શખ્સો રંગેહાથ ઝડપાયા છે. એલસીબી પીએસઆઈ વાય.જે.રાઠોડ અને તેમની ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે હેડ કોન્સ્ટેબલ ભવાનસિંહને બાતમી મળી હતી કે રાયપુર ગામના પાટીયા પાસે રાજુ શાહ નામનો શખ્સ હરતા -ફરતા ગ્રાહકો પાસેથી વરલી મટકાનો આંક લખી જુગાર રમાડે છે. જેને પગલે બાતમીને આધારે પોલીસે રાયપુર ગામના પાટીયા પાસે આવેલા રીક્ષા પાર્કીંગ નજીક વરલી મટકાનો આંક લખતા રાજુ ઘનશ્યામ શાહ રહે.સીંગરવા ઘનશ્યામ વીલા સોસાયટી અમદાવાદને પકડી પાડ્યો હતો. તેની પાસેથી રોકડા રૂ.૧૧૬૫૦ અને વરલી મટકાનું સાહિત્ય સહિત મોબાઈલ મળી કુલ રૂ.૧૬૬૫૦નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે ડભોડા પોલીસ મથકે ફરીયાદ આપી વધુ તપાસ હાથ ધરી છે.

# કોલવડા આયુર્વેદ હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક ગર્ભ સંસ્કાર શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના કોલવડા ખાતે સ્ટેટ મોડેલ આયુર્વેદ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે ગર્ભાવક્રાંતિ કેન્દ્ર દ્વારા આગામી તા. ૧૫મી એપ્રિલ સોમવારે પુષ્યનક્ષત્ર નિમિત્તે સગર્ભા મહિલાઓ માટે નિઃશુલ્ક ગર્ભસંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન કોલવડા આયુર્વેદ હોસ્પિટલના રૂમ નં. ૩૧૭ ખાતે યોજાનાર નિઃશુલ્ક ગર્ભસંસ્કાર શિબિરમાં સગર્ભા માતાઓ માટે ગર્ભસંવાદ, મંત્ર, ગર્ભસંગીત, યોગ-પ્રાણાયામ, આહાર-વિહાર, પ્રેરણાત્મક પ્રવૃતિઓ સાથે પ્રસુતિ સામાન્ય થાય તે માટેનું માર્ગદર્શન અને માસાનુમાસિક આયુર્વેદિક સારવાર પણ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગર્ભસંસ્કાર શિબિરમાં ભાગ લેવા નોંધણી કરવી જરૂરી છે. જે માટે લાભાર્થીઓ મોબીલ નં. ૯૪૦૮૫૨૭૩૬૬ પર સંપર્ક સાધવા જણાવ્યુ છે. સમગ્ર શિબિરના આયોજન અંગે અધિક્ષક-વૈધ પારૂલબેન જોષી અને તાજેતરમાં જ કોલવડા આયુર્વેદ હોસ્પિટલના વહીવટી અધિકારીનો ચાર્જ સંભાળનાર વૈધ રાકેશ ભટ્ટે જણાવ્યું હતુ.

# ચિલોડા ખાતે જનશિક્ષણ સંસ્થાન દ્વારા બ્યુટીપાર્લર-વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરનો શુભારંભ

ચિલોડા, તા.૯

તાલુકાના ચિલોડા ખાતે જનશિક્ષણ સંસ્થા કલોલ દ્વારા વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરનો કલાસ શરુ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે ચિલોડા ગ્રામ પંચાયતના સક્રિય સભ્ય નટુભાઈ પટેલના હસ્તે રિબિન કાપી ઉદઘાટન કરાયું હતું. આ પ્રસંગે તેઓએ ગામની લાભાર્થી બહેનોને ઘરે બેઠા રોજી રોટી મળી શકે તેમજ સ્વ રોજગારી અંતર્ગત વ્યવસાયી તાલીમ દ્વારા આત્મનિર્ભરતા પ્રાપ્ત કરે તેવા વ્યવસાયી વર્ગો ખૂબ ઉપયોગી સાબિત થશે તવો અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રોગ્રામ ઓફિસર નટવરસિંહ રાઠોડ, ઈન્સ્ટ્રક્ટર દેવયાનીબેન, ગ્રામ પંચાયતના કારકૂન રોહિતભાઈ, સેવક ધર્મેન્દ્રસિંહ તેમજ લાભાર્થી બહેનો ઉપસ્થિત રહી હતી.



કાળઝાળ ગરમીની શરીર પર સીધી અસર થાય છે. ગરમીની અસરથી બચવા સતત પાણી અને પ્રવાહી ખોરાક લેવો જરુરી બને છે. ઉનાળો તેની આક્રમકતા બતાવી રહ્યો છે ત્યારે લારી પર પણ ઠંડુ પાણી વેચાઈ રહ્યું છે.

# ચૂંટણી ફરજ પરના તમામ સ્ટાફને સ્વાસ્થ્ય બગડવા પ્રસંગે "કેશલેસ" તબીબી સારવાર પૂરી પડાશે

ગાંધીનગર, તા.૯

રાજ્યમાં આગામી સમયમાં યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ દરમિયાન ચૂંટણી ફરજ પરના તમામ સ્ટાફને સ્વાસ્થ્ય બગડવા પ્રસંગે "કેશલેસ" તબીબી સારવાર પૂરી પાડવામાં આવશે એમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

આરોગ્ય વિભાગ દ્વારા કરાયેલ ઠરાવ અનુસાર ચૂંટણી કાર્યમાં રોકાયેલ તમામ મુલ્કી તથા પોલીસ કર્મચારીઓ/અધિકારીઓ, કેન્દ્રીય હથિયારી પોલીસ દળના સ્ટાફ, ચૂંટણી ફરજ પરના ડ્રાયવર/ક્લીનર (રેક્વિઝિટ કરેલ ખાનગી વાહનના ડ્રાયવર/ક્લીનર સહિત) ચૂંટણી ખર્ચ નિયંત્રણ ટીમોના વીડિયોગ્રાફર તમામ સ્ટાફને આ કેશલેસ સારવારનો લાભ આપવામાં આવશે. રાજ્ય સરકારની જિલ્લા, તાલુકા કક્ષાએ આવેલ હોસ્પિટલો તેમજ મેડિકલ સંલગ્ન હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ચૂંટણી ફરજ પરના સ્ટાફને નિઃશુલ્ક સારવાર પુરી પાડવામાં આવશે. બહારની દવાઓ, ઈમ્પ્લાન્ટનો ખર્ચ પણ હોસ્પિટલ દ્વારા અપાશે.

આ ઉપરાંત યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી સિવિલ હોસ્પિટલ અમદાવાદ, એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ અમદાવાદ અને ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર અમદાવાદ ખાતે પણ નિઃશુલ્ક સારવાર પૂરી પડાશે તથા તેનો સંભવીત ખર્ચ રી-એમ્બર્સ કરવાનો રહેશે. સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીના પ્રમાણપત્રના આધારે તાકીદના સંજોગોમાં નજીકની ખાનગી હોસ્પિટલોમાં પણ કેશલેસ સારવાર મળવાપાત્ર રહેશે.



## ડિવાઈન જુનિયર પ્રિસ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગરના સેક્ટર-૬ અને સેક્ટર-૨૧ ખાતે કાર્યરત ડિવાઈન જુનિયર ઈન્ટરનેશનલ પ્રિ-સ્કૂલના વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ ડાન્સ સહિતની સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરાઈ હતી. આ કાર્યક્રમમાં બાળકોએ રાષ્ટ્રગીત, સરસ્વતી વંદના, માતા-પિતા વંદના ઉપરાંત અન્ય કૃતિઓ રજૂ કરી હતી. જેમાં જીઆ-દિયાનું લાડકી પરફોર્મન્સ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે તલોદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના નિવૃત પ્રાધ્યાપક મંગળભાઈ પટેલ તથા સ્કૂલના ટ્રસ્ટી વિનોદ પટેલ તથા સ્થાપક ગીરા ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

# જીવનમાં રિસ્ક નહી લો તો જીવન જ 'રિસ્ક' બની જશે

## જીટીયુ સેન્ટ્રલ ટેક ફેસ્ટમાં ડાયમંડ કિંગ સવજીભાઈ ધોળકીયાનું પ્રેરક વક્તવ્ય : રોમાચંક એટીવી ચેમ્પિયનશીપ સહિત અનેક સ્પર્ધાઓ સાથે ટેક ફેસ્ટ સંપન્ન

ગાંધીનગર, તા. ૯

"જો તમે જીવનમાં કોઈ જોખમ નહી ઉઠાવો તો તમારૂ જીવન જ એક જોખમ બની જશે." આ પ્રકારના જોશભર્યા શબ્દો સુરતના ડાયમંડ કિંગ સવજીભાઈ ધોળકીયાએ જ્યારે જીટીયુ સેન્ટ્રલ ટેક ફેસ્ટ-૨૦૧૯માં યુવા વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યાં ત્યારે તમામ યુવાનોએ તેમને તાળીઓના ગડગડાટ અને ચિચિયારીઓથી વધાવી લીધા હતા. સોમવારનું મૌનવ્રત તોડીને પણ યુવા વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધવા ઉપસ્થિત રહેલા સવજીભાઈ ધોળકીયાએ પોતે બાળપણમાં શિક્ષણ પામી ન શક્યાં તેનો અફસોસ હોવાને કારણે જીવનની પાઠશાળામાં રોજબરોજ શીખી રહ્યાં હોવાનો એકરાર કર્યો હતો.

આજે ગાંધીનગર પાસેના ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ ખાતે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના 'જીટીયુ સેન્દ્રલ ટેકફેસ્ટ-૨૦૧૯'નું સમાપન થયું હતું. બે દિવસની આ ટેકનોલોજીકલ ઈવેન્ટમાં રોમાચંક એટીવી ચેમ્પિયનશીપ ૬.૦ સહિત વિવિધ ટેકનોલોજીકલ અને નોન-ટેકનોલોજીકલ સ્પર્ધાઓ યોજાઈ હતી. આ પ્રસંગે સુરતના હરીક્રિષ્ણા એક્સપોર્ટના સવજીભાઈ ધોળકીયા ઉપરાંત મોટીવેશ્નલ ટ્રેઈનર ભાવિન શાહ અને મોટીવેશ્નલ સ્પીકર ડૉ. દર્શના ઠક્કર પણ ઉપસ્થિત રહ્યાં હતા. ભાવિન શાહે આ પ્રસંગે વિદ્યાર્થિઓને "ભૂખ નહી તો લર્નિંગ નહી"નો મંત્ર આપતા જીવનમાં નવું શિખવાની ભૂખ જગાડવા પ્રેરિત કર્યા હતા. જ્યારે



ડૉ. દર્શાના ઠક્કરે વિદ્યાર્થીનીઓને મહિલાઓની સિદ્ધિઓ અંગે અવગત કરાવવા સાથે કહ્યુ હતું કે "અન્યો શું કહે છે તે અંગે વિચારવાનું છોડશો તોજ તમે પોતાના વ્યક્તિત્વ અને સાચી ખુશીને પામી શકશો." કાર્યક્રમના સમાપને દરેક સ્પર્ધાના વિજેતાઓને ઈનામો વડે સન્માનવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ટેકફેસ્ટનું મોટા ભાગનું આયોજન તથા સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા જ સંભાળવામાં આવ્યું હતું.

### એટીવી ચેમ્પિયનશીપની ચેમ્પિયન ટીમને ૫૦ હજારનું ઈનામ અપાયું

જીટીયુના સેન્ટ્રલ ટેકફેસ્ટમાં યોજાયેલી રોમાચંક એટીવી ચેમ્પિયનશીપમાં ઓવર ઓલ વીનર તરીકે 'રેસિંગ પાયોનિઅર્સ-૧' ટીમને વિજેતા ટ્રોફી તથા રૂ. ૫૦ હજારનું રોકડ ઈનામ અપાયું હતું. આ સાથે 'ટીમ સ્ટેલોન્સ'ને ટ્રોફી સાથે રૂ. ૩૦ હજાર અને 'ટીમ સ્ટેલોન્સ-૩'ને ટ્રોફી સાથે રૂ. ૨૦ હજારના રોકડ ઈનામથી સન્માનિત કરાયાં હતા. આ સ્પર્ધામાં ઝીલ કોલેજ ઓફ એન્જિનીયરીંગ પ્રથમ ક્રમાંકે સિલ્વર ઓક કોલેજ ઓફ એન્જિનીયરીંગ દ્વિતિય ક્રમાંકે તેમજ નિરમા યુનિવર્સિટી તૃતીય ક્રમાંકે વિજેતા રહ્યાં હતા.

# એકઝીટ પોલ અને ઓપીનિયન પોલ પર પ્રતિબંધ

ભારતના ચૂંટણી પંચે દેશમાં યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૯ તેમજ વિધાનસભાની પેટાચૂંટણી સંદર્ભે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૨૬-એની પેટા કલમ (૧), (૨) હેઠળ તા.૧૧-૪-૨૦૧૯ને ગુરૂવાર સવારના ૭-૦૦ કલાકથી તા.૧૯-૫-૨૦૧૯ને રવિવારના સાંજના ૬-૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન એકઝીટ પોલ (ઈર્હૈ ન્ન) યોજવા કે કોઈ પણ એકઝીટપોલના પરિણામો પ્રિન્ટ અને ઈલેકટ્રોનીક મીડિયા પર પ્રકાશિત કરવા કે પ્રસિદ્ધ કરવા પ્રતિબંધ ફરમાવ્યો છે.

લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૨૬ (૧) બી હેઠળ મતદાન પુરૂ થવાના કલાક સાથે પૂરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમિયાન ઓપીનીયન પોલ કે મતદાન અંગેનું કોઈપણ સર્વેક્ષણ સહિતની કોઈપણ ચૂંટણી બાબતની સામગ્રી કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનીક માધ્યમ પર પ્રદર્શિત કરવા પ્રતિબંધ રહેશે.

# ગુજરાતમાં પાટીદારોનો મિજાજ જુદો છે, ખાનગીમાં બેઠકો થાય છે

ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલાં રાજ્યના પાટીદાર આગેવાનો અને આંદોલનકારી પાટીદાર યુવા નેતાઓ વચ્ચે ખાનગીમાં બેઠકો થઈ રહી છે. પાટીદાર સમાજની વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ આ બેઠકો કરી રહ્યાં છે. આ પાટીદારો કોની સામે મોરચો ખોલી રહ્યાં છે તે અંગે હજી અટકળો ચાલી રહી છે તેથી તેઓ ચૂંટણીમાં કોને મદદ કરશે તે નિશ્ચિત નથી.

લોકસભાની ટિકીટના મુદ્દે પાટીદારો વચ્ચે મસલતો ચાલી રહી છે. ભાજપે પસંદગીના પાટીદાર નેતાઓને ટિકીટ આપી નથી તેનો રોષ છે. કોંગ્રેસના નેતાઓથી પણ પાટીદારો ખૂશ નથી. ગુજરાતમાં પાટીદારોનો અંડર કરન્ટ અલગ જોવા મળી રહ્યો છે જે વિધાનસભાની ચૂંટણી કરતાં ભિન્ન છે.

રાજ્યના અલગ અલગ સ્થળોએ પાટીદાર આગેવાનોની યુવા આંદોલન કારી નેતાઓ સાથે બેઠકો કરવામાં આવી છે. પાટીદાર સમાજના ખોડલધામ, સિદસર અને ઉંઝા વિસ્તારમાં ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ સાથે બેઠકો થઈ રહી છે. ભાજપ દ્વારા મહેસાણા, અમદાવાદ અને ઉંઝામાં પાટીદાર આગેવાનોની અવણગના થતી હોવાની ફરિયાદો સામે આવી છે.

અમદાવાદમાં ભાજપે વર્તમાન ધારાસભ્યને ટિકીટ આપી છે પરંતુ પાટીદાર આગેવાન સીકે પટેલને ટિકીટ આપી નથી. મહેસાણામાં જીવાભાઈ પટેલને નહીં પણ શારદાબેન પટેલને ટિકીટ આપી છે. ઉંઝામાં ભાજપે જે ઉમેદવારને ટિકીટ આપી છે તે ડો આશા પટેલને પાટીદારો વખોડી કાઢે છે. પક્ષપલ્ટો કરીને આવેલા આશા પટેલને ભાજપની ટિકીટ પરથી વિધાનસભામાં જવાનું અઘરૂં બની રહ્યું છે.

પાર્ટીદાર આગેવાનો સાથે પાટીદાર અનામત આંદોલનના પ્રણેતા હાર્દિક પટેલ બેઠકો કરી રહ્યાં છે. હાર્દિક પટેલ અત્યારે કોંગ્રેસમાં છે. ભાજપ સરકાર ઈચ્છતી ન હતી કે હાર્દિક પટેલ લોકસભાની ચૂંટણી લડે, તેથી કાયદાકીય ગૂંચમાં ફસાવીને હાર્દિક પટેલને ચૂંટણીથી દૂર રાખ્યો છે. હવે આ હાર્દિક ભાજપને રાજ્યની ૨૬ બેઠકોમાં નડી રહ્યો છે. એક પાટીદાર યુવા નેતાએ કહ્યું હતું કે પાટીદારો ધારે તો ભાજપને ૧૦ બેઠકો પર હરાવી શકે છે. જો કે પાટીદાર સમાજ કોને મત આપશે તે અમારા અગ્રણીઓ નક્કી કરશે. બીજી તરફ સોશ્યલ મિડીયામાં પાટીદારોએ ભાજપ સામે યુદ્ધ શરૂ કર્યું છે. હાર્દિક પટેલ નરેન્દ્ર મોદી અને ગુજરાત ભાજપના નેતાઓની વિરૂદ્ધમાં પ્રવચનો કરી રહ્યો છે. ભાજપે પાટીદારોના ધાર્મિક સંગઠનો અને આગેવાનો વચ્ચે ફુટ પડાવી હોવાનો આક્ષેપ હાર્દિક પટેલ કરી રહ્યો છે.

સૂત્રો કહે છે કે આગામી ગુરૂવારે પાટીદાર આગેવાનોની એક બેઠક યોજાઈ રહી છે તેમાં પાટીદારોનો ઝૂકાવ ક્યાં હશે તે નિશ્ચિત થઈ જશે. પાટીદારોની ખાનગી બેઠકોથી ભાજપ ચિંતીત બન્યું છે. ભાજપના પાટીદાર મંત્રીઓ અને આગેવાનોએ પાટીદારોની ધાર્મિક સંસ્થાઓના હોદ્દેદારોને સમજાવવાના પ્રયાસો શરૂ કર્યા છે.

વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં પાટીદાર આગેવાનો ભાજપના નેતાઓથી ખફા હોવાથી કોંગ્રેસને તેનો સીધો ફાયદો થયો હતો. એ ચૂંટણીમાં ભાજપને માત્ર ૯૯ બેઠકો મળી હતી. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસને સૌથી વધુ બેઠકો મળી છે. લોકસભામાં વિધાનસભાની ચૂંટણીનું પુનરાવર્તન ન થાય તે માટે ભાજપના હાઈકમાન્ડે પ્રદેશ નેતાઓને પાટીદાર આગેવાનો સાથે ચર્ચા કરવા આદેશ કર્યો છે.

# ભાજપના પ્રદેશ પ્રમુખે કોંગ્રેસને હરામજાદી કહી : ચૂંટણી પંચ ખફા

ગાંધીનગર-

ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ ફરી એકવાર કોંગ્રેસ માટે હરામજાદા શબ્દનો પ્રયોગ કરીને હલકી ભાષાનું પ્રદર્શન કર્યું છે. ચૂંટણી પંચના નિર્વાચન અધિકારીએ સુઓ મોટો દાખલ કરી સુરત કલેક્ટરને તપાસ કરવાના આદેશ આપ્યા છે. વાઘાણીના નિવેદનથી કોંગ્રેસ જ નહીં ચૂંટણી પંચ ખફા છે.

ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ સુરતમાં જાહેરસભામાં કોંગ્રેસ માટે હરામજાદા શબ્દનો પ્રયોગ કર્યો હતો. ચૂંટણી પંચના ધ્યાનમાં આવતા પંચે કોઈપણ જાતની ફરિયાદ વિના જાતે તપાસ શરૂ કરવાના આદેશ કર્યા છે. પંચે સુરતના જિલ્લા કલેક્ટરને તપાસ કરવાનું કહ્યું છે.

કોંગ્રેસના નેતાઓ સામે અભદ્ર શબ્દનો પ્રયોગ કરીને આ પહેલાં જીતુ વાઘાણી ચૂંટણી પંચના રડારમાં આવી ગયા હતા પરંતુ તેમની સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. સુરતના કાર્યાલયના ઉદઘાટન વખતે ફરીથી તેમણે કોંગ્રેસ માટે હરામજાદા શબ્દનો પ્રયોગ કર્યો હતો.

જીતુ વાઘાણી સામે પંચે સુઓમોટો તો કરી છે પરંતુ કોંગ્રેસના શહેર પ્રમુખ પણ તેમની સામે કોર્ટમાં ફરિયાદ કરવાના છે. શબ્દપ્રયોગમાં વાણી વિલાસ કરવા ટેવાયેલા જીતુ વાઘાણી સામે ચૂંટણી પંચે અત્યાર સુધી કોઈ પ્રકારના પગલાં લીધા નથી. તેમણે અગાઉ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી અંગે વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું જેની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવામાં આવી હતી પરંતુ જીતુ વાઘાણીને પાર્ટી એ ઠપકો પણ આપ્યો નથી.

# કોંગ્રેસને ભાજપનો રોગ લાગ્યો- મોદી અંગે ગેનીબેન અને મોઢવાડિયાએ વિવાદાસ્પદ નિવેદનો આપ્યાં

ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના પ્રચારમાં ભાજપના નેતાઓ જે ભાષાનો પ્રયોગ કરી રહ્યાં છે તે ભાષાનો પ્રયોગ કોંગ્રેસના નેતાઓ પણ કરી રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પરિવાર પર સીધો આક્ષેપ કરીને કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર અને પાર્ટીના સિનિયર નેતા અર્જુન મોઢવાડિયાએ વિવાદાસ્પદ નિવેદનો આપ્યાં છે.

રાજ્યમાં ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી પછી ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ અને હવે કોંગ્રેસના આ બન્ને નેતાઓએ એવા નિવેદનો આપ્યાં છે કે જેનાથી ચૂંટણી પંચ નારાજ થયું છે. થરાદમાં કોંગ્રેસના કાર્યાલયના પ્રારંભ સમયે વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે નરેન્દ્ર મોદીનું નામ લીધા વિના કહ્યું હતું કે ભાજપે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં બ્લેકમની લાવવાની વાતો કરી હતી પરંતુ કોના બાપાએ નાણા પાછા લાવવાની ના પાડી હતી. પાંચ વર્ષ થઈ ગયા છતાં ભાજપ આ બ્લેકમની પાછા લાવી શકી નથી.

ગેનીબેન ઠાકોરે સંઘ પરિવારના કાર્યકરો અંગે ટેટુ જેવો શબ્દપ્રયોગ કર્યો હતો અને કહ્યું હતું કે સંઘના કાર્યકરો ટેટુ જેવા છે. દેશના જવાનો બોર્ડર પર પરાક્રમ બતાવે છે ત્યારે ભાજપ તેની ફિલ્મ બનાવીને મજા લઈ રહી છે. ગેનીબેન ઠાકોરે મોદી માટે પણ કેટલાક એવા શબ્દોનો પ્રયોગ કર્યો હતો કે જેનાથી ભાજપના નેતાઓ તેમની સામે ફરિયાદ કરવાનું વિચારી રહ્યાં છે.

ગેનીબેન પછી કોંગ્રેસના સિનિયર નેતા અર્જુન મોઢવાડિયાએ પણ વિવાદાસ્પદ નિવેદનો કર્યા છે. ડીસામાં જનસભાને સંબોધતાં તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૫૬ની છાતી હોય તો પાકિસ્તાનના સૈનિકોના માંથા કેમ લાવતા નથી. તેઓ રોજ પાકિસ્તાનના નામનો ઉલ્લેખ કરે છે પરંતુ તેમને રોકનારૂં કોણ છે તે સમજાતું નથી. મોદી ભક્તો રોજ કહે છે કે અમારા સાહેબની છાતી ૫૬ની છે પરંતુ હું કહું છું કે કોઈ મજબૂત વ્યક્તની છાતી વધુમાં વધુ ૩૬ ઈંચની હોય છે. કુસ્તી કરતાં પહેલવાનની છાતી ૪૨ ઈંચની હોય છે. આવી છાતી કેવી રીતે આવી તે મને સમજાતું નથી.

મોઢવાડિયાના નિવેદન સામે ભાજપના પ્રવક્તા ભરત પંડ્યાએ કહ્યું કે કોંગ્રેસમાં અર્જુન મોઢવાડિયા ખૂણામાં ધકેલાઈ ગયા છે. તેઓ તેમનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે મોદીને ગાળો આપી રહ્યાં છે. કોંગ્રેસ ગુજરાતમાં અને દેશમાં હાર જોઈ રહી છે. દેશના વડાપ્રધાન માટે આવા શબ્દો બોલવા ઈચ્છનિય નથી.

# રેશ્મા પટેલનો ડબલ ધમાકો- લોકસભા સાથે વિધાનસભાની ચૂંટણી પણ લડે છે

ગાંધીનગર

પાટીદાર અનામત આંદોલનના યુવા મહિલા નેતા અને ભાજપમાંથી રાજીનામું આપી ચૂંટણીમાં ઝૂકાવનારા રેશ્મા પટેલ લોકસભા સાથે વિધાનસભાની ચૂંટણી પણ લડે છે. આખા ગુજરાતમાં આ એક જ એવો પ્રસંગ છે કે એક જ ઉમેદવાર બન્ને ચૂંટણીઓ એકસાથે લડે છે.

રેશ્મા પટેલે લોકસભાની ચૂંટણીમાં પોરબંદર બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું છે. તેની સાથે તેઓ એનસીપીમાં જોડાઈને વિધાનસભાની ચૂંટણી લડે છે. રેશ્મા પટેલ પોરબંદર લોકસભા અને માણાવદર વિધાનસભાની પેટા ચૂંટણી એકસાથે લડે છે. તેણી દાવો કરે છે કે હું આ બન્ને ચૂંટણી જીતી જવાની છું. લોકસભામાં તેનું અપક્ષ ઉમેદવારનું ચૂંટણી ચિન્હ ટ્રેક્ટર ચલાવતો ખેડૂત છે જ્યારે વિધાનસભામાં એનસીપીના ઉમેદવાર હોવાથી તેનું ચૂંટણી ચિન્હ ઘડિયાળ છે.

બન્ને બેઠકો અંગે તેણીએ કહ્યું હતું કે હાલ તો હું બન્ને ચૂંટણીના પ્રચાર કાર્યમાં છું. લોકસભાની ચૂંટણી માટે અગાઉથી તૈયારી કરી હતી પરંતુ વિધાનસભા લડવાનો નિર્ણય મેં પછીથી લીધો હતો. મારી વિધાનસભાની બેઠક માણાવદર એ પોરબંદર લોકસભા વિસ્તારમાં આવતી હોવાથી મને પ્રચાર કરવામાં કોઈ મુશ્કેલી પડતી નથી. મારા મતદારો એક જ છે.

રેશ્મા પટેલ કહે છે કે હું સામાન્ય પરિવારમાંથી આવું છું અને પહેલીવાર ચૂંટણી લડી રહી છું. હું ત્રીજા મોરચાની ઉમેદવાર છું. ગુજરાતમાં લોકો કહે છે કે ત્રીજો મોરચો ચાલ્યો નથી પરંતુ હું સાબિત કરવા માગું છું કે ત્રીજો મોરચો આ ચૂંટણીમાં જીતશે. રેશ્મા પટેલ હાલ તો સોશ્યલ મિડીયાથી ચૂંટણી પ્રચાર કરે છે. હું જીતીશ તો મારે એક બેઠક છોડવી પડશે. મારા સલાહકારો મારી બેઠક અંગે નિર્ણય લેશે.

બે બેઠકો પરથી ચૂંટણી લડવાની પરંપરા તો જૂની છે. પહેલાં કોઈપણ ઉમેદવાર ગમે તેટલી બેઠક પરથી ચૂંટણી લડી શકતો હતો પરંતુ ૧૯૯૬માં નિયમ બદલીને એક ઉમેદવાર વધુમાં વધુ બે બેઠકો પરથી ચૂંટણી લડી શકે છે. જો ઉમેદવાર બે બેઠકો પરથી ચૂંટણી જીતે તો એક બેઠક ૧૦ દિવસમાં ખાલી કરવી પડે છે.

રેશ્મા પટેલ પાટીદાર અનામત આંદોલન સમયે ફાયરબ્રાન્ડ યુવતિના નામે મશહૂર હતી પરંતુ ભાજપે વિધાનસભાની ચૂંટણી પહેલાં પાટીદાર અનામત આંદોલનને નિષ્ફળ બનાવવા પાટીદાર યુવા નેતાઓની સાથે રેશ્મા પટેલને પણ ભાજપમાં પ્રવેશ આપ્યો હતો. હવે તે એનસીપીમાં જોડાઈ છે અને બે બેઠકો પરથી ચૂંટણી લડી રહી છે.